R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 34 DATE: 26-08-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ટ્રિપલ તલાક વિરુધ્ધનો સુપ્રીમ કોર્ટની બેન્ચે બહુમતીથી આપેલો ચુકાદો મુસ્લીમ મહિલાઓને પુરતુ રક્ષણ આપી શકશે !

તાજેતરમાં ટ્રિપલ તલાક વિરુધ્ધનો સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેન્ચે ૩ઃ૨ની બહુમતીથી આપેલા ચુકાદાને ચારે તરફથી આવકાર સાંપડ્યો છે.હજુ સુધી નિષ્ણાંતોએ તો માત્ર ચુકાદાનો ભાવાર્થ બરાબર સમજ્યા પછી પોતાના સમજણ રજુ કરવાની વાત કરી છે.લગભગ ૧૯૦૦ ઉપર પાનાઓથી ભરાયેલ આ ચુકાદાનો અભ્યાસ કરવા માટે ઉતાવળ કરવી નકામી છે. જો કે શરુઆતમાં મીડીયા અને તલાક વિરુધ્ધના પ્રચારકો ભારે ઉત્સાહમાં પોતાના નિવેદનો કરી રહ્યા છે.ભાડુતી ચેનલો અને મખ્ખણીયા ચેનલોએ સરકારની ઉપર મુસ્લીમ ધાર્મિક માન્યતા ઉપર સરકારે મનમાન્યો પ્રહાર કરીને,ધાર્મિક લઘુમતી મુલ્લાઓના, ફિરકાઓ, સંસ્થાઓના અહંકારને દાબી દીધો છે તે પ્રકારની એક વાત પણ વહેતી થઈ છે.જો કે અદાલતના ન્યાયમુર્તિઓએ ટ્રિપલ તલાક ગેરબંધારણીય, ગેરકાનુની અને રદબાતલ થવી જોઈએ તેવી પ્રથા છે અને તેને તાત્કાલિક અસરથી દુર કરવી જોઈએ.કોર્ટે સરકારને કહ્યુ હતું કે ટ્રિપલ તલાકના કુરિવાજ પર પ્રતિબંધ મુકીને સરકારે છ મહિનામાં આ અંગેનો કાયદો ઘડવો જોઈએ.મહત્વનો મુદ્દો એ છે કે જો સરકાર છ મહિનામાં આ કાયદો ના ઘડી શકે તોપણ ટ્રિપલ તલાક પરનો પ્રતિબંધ યથાવત રહેશે તેવું પણ કોર્ટે કહ્યુ છે.દેશની સર્વોચ્ચ અદાલત એવા મતની છે કે ટ્રિપલ તલાક જેવી ડકિયાનુસી પ્રથાને કાયમી જાકારો મળવો જોઈએ. પ્રગતિશીલ સમાજમાં આ એક હજાર વર્ષથી ચાલ્યા આવતા રિવાજનો હવે કોઈ સ્થાન નથી.ભારતમાં ૮ કરોડથી વધુ મુસ્લીમ મહિલાઓ છે.તેમને આ કાયદાથી ન્યાય મળી શકશે.સ્ત્રી કોઈ પણ ધર્મની હોય,એના હિતો અને સુરક્ષાની તકેદારી રાખવાની સરકારની બંધારણીય ફરજ બને છે.ચુકાદાને કારણે બહુ કોઈ મોટો ઝંઝાવાત ઉભો થયો નથી.અનેમુસ્લીમ ધર્મના લોકોએ પણ આ ચુકાદાને આવકાર્યો હોય તેમ હાલમાં લાગી રહ્યું છે.કેટલાક મુસ્લીમ મહિલા સંગઠનોની રજુઆતો જોરશોરથી ચાલી રહી છે.બીજી અનેક એવી બાબતો છે તેમાં સરકાર કે કોર્ટ દખલ કરી તેવા રિવાજો બંધ કરાવી શકે છે પરંતુ આવા સંગઠનો કોમની તમામ મહિલાઓનું પ્રતિનિધિત્વ કરતી નથી પરંતુ એવું માનવાને કારણ છે કે કેટલીક પ્રગતિશીલ વિચારવાળી મહિલાઓ અન્ય મહિલાઓના ઉત્કર્ષ માટે હકકો મેળવવા ભારે ઉત્તેજીત હોય છે.મુસ્લીમ સમાજમાં હવે મોટો ભાગના લોકો તેમનો સમાજ આર્થિક,સામાજીક પ્રગતિ ઈચ્છે છે.કેટલાય મુસ્લીમ દેશોમાં તલાક પ્રથાને ગેરકાયદેસર જાહેર કરવામાં આવી છે ભારતમાં તો સીત્તેર વર્ષ બાદ આ પ્રકારનો ચુકાદો આવ્યો છે પરંતુ તે મુસ્લીમ મહિલાઓને પુરતુ રક્ષણ આપી શકશે કે કેમ તે એક ગંભીર સવાલ છે.કાયદો રક્ષણ આપવાની જોગવાઈ પુરી પાડે છે પરંતુ તેના માટે તે લેવાની તૈયારી દરેકમાં હોવી જોઈએ.મહિલાઓ પોતાના અધિકારો માટે પુરુષપ્રધાન સમાજ સામે બાંયો ચઢાવે તેવું બધા કેસમાં બનવાની શક્યતાઓ ઘણી ઓછી છે.ટ્રિપલ તલાકનો ઉલ્લેખ કુરાને શરીફમાં ક્યાંય નથી. એનો મતલબ એ છે કે પુરુષ પ્રધાન સમાજે આવી વ્યવસ્થા ઉભી કરેલ હતી.અને તેને પડકારનાર કોઈ હતું નહિ.વડાપ્રધાન મોદીની હિંમતને દાદ દેવી પડે કે તેમણે મુસ્લીમ મહિલાના હક્કો માટે ચુંટણી સભાઓમાં ભારે મોટી ધોષણા કરી હ તી.કદાચ એવું પણ મનાય કે તેમની આવી ધોષણાઓએ મુસ્લીમ મહિલાઓને ભાજપની મતપેટીઓ છલકાવી દેવા માટે પ્રેરકબળ આપ્યું હોય.શાહબાનું કેસમાં જે રીતે કોગ્રેસે વલણ અપનાવ્યું ત્યારબાદ કોગ્રેસ મુસ્લીમ ધાર્મિક લોબી વિરુધ્ધ જવાની હિંમત ભાગ્યે જ કરી શકે.

તલાક હોય કે છુટાછેડા સ્ત્રી માટે આથી મોટું અપમાન બીજુ શું હોઈ શકે ? જેમણે પતિને આજીવન વફાદર રહેવા અને સુખદુઃખમાં ભાગીદાર બનવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધુ હોય તેને ઘડી ભર માત્ર ત્રણ શબ્દોની માયાજાળમાં ગુંથી અને તરછોડી નાખવાની ? હિન્દુઓમાં પણ બહુપત્નીત્વ પ્રથા હતી પરંતુ ૧૯૫૬માં સરકારે હિંદુ મેરેજ એક્ટ ઘડી બહુપત્નીત્વ પ્રથા પર પ્રતિબંધ મુકી દીધો.જ્યારે આ વાત આવે છે ત્યારે કહેવું પડે કે ઘણા બધા બહુ પત્નીત્વમાં માનતા હિંદુ સજ્જનોએ મુસ્લીમ ધર્મની આડમાં બીજી પત્ની મેળવવા આધાર લઈ લગ્નો કર્યા છે.અને તે પણ સ્વીકાર્ય ના હોય તો ફ્રેન્ડશીપ કરાર હેઠળ બીજી પત્ની રાખી છે.કાયદો એવો હોવો જોઈએ કે જેણે એક વાર લગ્ન કર્યા છે અને તેની પત્ની હયાત છે તે બીજી પત્ની કોઈપણ કાયદા હેઠળ કરી ના શકે.એટલે બહુપત્નીત્વની પ્રથાનો અંત આવી શકે કદાચ !

સરકારે હિંદુ મેરેજ એકટમાં બહુપત્નીત્વની પ્રથા દુર કરતાં દેશમાં હિંદુ ઓનો વિકાસ થયો છે તેવું કહી શકાય.એટલે મુસ્લીમ સમાજ માટે પણ બહુપત્નીત્વની પ્રથા દુર કરવામા આવે તો તેના દુરોગામી પરિણામો મળી શકે છે.જો કે સરકાર તલાક માટે કાયદો ઘડે ત્યારે કેટલાક અન્ય કાયદાઓને બારીકાઈથી નજર સમક્ષ રાખીને તેનો સમાવેશ કરવાથી કોઈપણ સમાજના વિકાસના માર્ગો ખુલ્લા થઈ શકે છે.આ ઉપરાંત ભાજપનું એક સપનું છે કે દેશમાં સમાન સીવીલ કોડ દાખલ કરવો જોઈએ તો ખોટી પ્રથાઓ,કુરિવાજોનો અંત આવે તે દિશામાં પ્રયત્નો કરવા



જોઈએ. માત્ર એવું નથી કે મુસ્લીમ સમાજની પ્રગતિ માટે કાયદાઓની જરુરીયાત છે પરંતુ અન્ય ધર્મીઓ માટે પણ કેટલાક કુરીવાજો દુર કરવા કાયદા અને તેનું પાલન મહત્વનું છે. ખેર સુપ્રીમ કોર્ટે જે રીતે ચુકાદો આપ્યો છે તે દેશની મુસ્લીમ મહિલાઓના હિતોનું રક્ષણ કરી તેમનો વિકાસ કરે તેવી આશા રાખીએ.

મુસ્લીમ સંગઠન વતી સુપ્રીમ કોર્ટમાં ટ્રિપલ તલાક પર પ્રતિબંધનો વિરોધ કરનાર વકીલશ્રી કપિલ સિબ્બલે ચુકાદાને આવકારતાં કહ્યુ હતું કે ચુકાદો પર્સનલ લોને સંરક્ષણ આપે છે.ચુકાદો આવકાર્ય છે.તેમાં અમારી કોઈ પીછેહઠ નથી.સુનાવણી દરમિયાન તેમણે દલીલ કરી હતી કે સુપ્રીમ કોર્ટે ધાર્મિક મામલાઓમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહી.આ ચુકાદો પર્સનલ લોને સુરક્ષા આપે છે સાથે સાથે ટ્રિપલ તલાકની પ્રથાને દુર કરે છે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## કેટલાક કામો સરકાર ઇચ્છે છે કે કોર્ટ કરે : ચીફ જસ્ટીસ ખેહર

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે કહ્યુ કે કેટલાક કામો સરકાર ઈચ્છે છે કે કોર્ટ દ્વારા કરવામાં આવે જેથી તે કોર્ટનો હુકમ બની જાય.જો કે થોડાક વખત પહેલાં જ સુપ્રીમ કોર્ટે એવું સ્પષ્ટ કર્યુ હતું કે દરેક બાબતો કોર્ટમાં લઈને પહોચી જવી ઉચિત નથી.પરંતુ સરકારો પોતાના વોટબેન્કની ચિંતામાં પોતે કોઈપણ જાતનો નિર્ણય લેવા કરતાં કોર્ટ પાસે આવા કામો કરાવી લેવા માંગે છે.

ટ્રીપલ તલાક કેસમાં સુપ્રીમ કોર્ટે ત્રણ વિરુધ્ધ બેથી પોતાનો ચુકાદો આપ્યો.તેમાં લઘુમતી એવા બે જજના ચુકાદામાં કહેવાયું છે કે કમનસીબે સરકાર ટ્રિપલ તલાક દુર કરવા માટે કાયદો ઘડવાને બદલે ન્યાયતંત્રના ચુકાદાથી આ પ્રથા દુર થાય તેવા પ્રયાસો કરી રહી છે.ચીફ જસ્ટીસ જે.એસ.ખેહર અને જસ્ટીસ એસ.એ.નઝીરે આ ચુકાદો આપ્યો છે.

આ બંન્ને જજોએ કહ્યુ છે કે તલાક-એ-બિદત તરીકે ઓળખાતી ટ્રિપલ તલાકની પ્રથા મુસ્લીમ બહુમતી ધરાવતા અનેક દેશોમાં કાયદાથી રદ કરી દેવાઈ છે.કેટલાક ચુસ્ત ઈસ્લામિક દેશોમાં પણ આ પ્રથા કાયદાથી જ દુર કરી દેવાઈ છે.ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડે એવી દલીલ કરી હતી કે શ્રધ્ધા અને ધર્મના મામલે ન્યાયતંત્રએ વિવેક શક્તિ દાખવવાની જરુર નથી. અને માત્ર કાયદાથી જ ઉકેલ લાવી શકાય.બોર્ડની આ દલીલ ચીફ જસ્ટીસ ખેહર અને જસ્ટીસ નઝીરે સ્વીકારી હતી.

આ બંન્નેએ કહ્યુ હતું કે આ અમારો નિષ્કર્ષ છે અને તેમાં કોઈ શંકા નથી કે કાયદાથી જ ઉકેલ લાવી શકાય.અમે સમજીએ છીએ કે આ મુદ્દે કાયદો ઘડવા માટે સલાહ આપવી એ યોગ્ય નથી.અહીં વિરોધી પક્ષોએ રજુ કરેલા મંતવ્યો વિરોધાભાસી નથી.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

સુપ્રીમ કોર્ટે તલાક તલાક તલાકના મામલે આપેલ ચુકાદામાં સર્વ સંમતિ સધાઈ શકી નહી. ત્રણ વિરુધ્ધ બે મુજબ ચુકાદો અપાયો છે.ટ્રિપલ તલાકમાં માનવીય અધિકારોને પ્રાધાન્ય મળ્યું.તલાકમાં પુરુષપ્રધાન નીતિ હતી અને તેના કારણે તલાક પામતી મહિલાએ મુશ્કેલીઓ અને તકલીફોનો સામનો કરવો પડતો હતો.જેની નોધ લેવાઈ છે.હજુ સુધી વિશાળ પાનાનો ચુકાદો તેના જાણકારો પુરેપુરો ચકાસીને તેના અર્થઘટન બાબતે જાણકારી આપશે ત્યારે આ ચુકાદાનો ખરેખર સંદર્ભ જાણી શકાશે. ભાજપી નેતાઓને મુસ્લીમ ધર્મની સ્વતંત્રતાને ફટકો મરાયો છે તેમ માની ખુશ છે.કોઈને પર્દાથ પાથ ભણાવાય તે રીત ખોટી છે પરંતુ હવે આ દેશમાં તેમ જ ચાલે છે.કેટલાક ચુકાદાઓ દબાણને વશ થઈને અપાતા હોય તેવું મનાય છે.ગુનેગારોને છોડી મુકવાની કવાયત શરુ થઈ ગઈ છે અને તેમના વિરુધ્ધના પુરાવાનો નાશ કરીને ફરીથી ટ્રાયલ ચલાવીને નિર્દોષ પુરવાર કરવાની તમામ ચાલો સક્રિય થઈ ગઈ છે.જેઓ સાત વર્ષથી વધારે સમય જેલમાં રહી ચુક્યા છે તેમને પાછા છોડી મુકાવીને ફરીથી પ્રમોશન સાથે નોકરીમાં રાખવામાં આવી રહ્યા છે. લોકશાહીના કોફીન બોક્ષ પર શું છેલ્લા ખીલા ઠોકાઈ રહ્યા છે.પ્રતિદ્વંદીઓનો પરાશ્ત કરી દેવાની પોતાનામાં સળગતી આગ દ્વારા સંપુર્ણ ખાક કરી દેવામાં રાચતા લોકો ભુલી જાય છે કે ઈતિહાસ તમારી સાથે એજ રીતે વર્તશે.

## મંતવ્ય

યુધ્ધના મોરચે આપણે ભલે પાકિસ્તાન સામે સફળ રહ્યા,પરંતુ આતંકવાદના મામલે આપણે નિષ્ફળ રહ્યા છે. એનડીએના શાસન કાળ દરમિયાન ૧૧૦૦ જેટલી વાર યુદ્ધ વિરામનો પાકિસ્તાન દ્વારા ભંગ કરવામાં આવ્યો.કાશ્મીરમાં આતંકવાદીઓ સીમા વટાવી ગયા,કારણકે આપણી નીતિઓ નિષ્ફળ ગઈ અને લોકોનો સહકાર દેશ વિરુધ્ધ પ્રવૃત્તિ કરનારાઓને મળ્યો.તાજેતરમાં થયેલ પઠાણકોટની ઘટના બાદ બહાર આવેલી કેટલીક બાબતો અંગે આપણી નિષ્ફળતા માટેઆપણે કેટલા જવાબદાર છીએ તે બતાવે છે.માત્ર થોડાક રુપીયા લઈને જો આવા ક્ષેત્રોમાં તમને ઘુસવાની પરમીશન મળી જતી હોય તો પછી તો બીજાઓ માટે તે કેટલી સરળ બની જાય.એરબેઝ વિસ્તારમાંથી જ આતંકીઓને સાથ સહકાર મળતો હોય તો દેશની આંતરીક સુરક્ષા વ્યવસ્થા જાળવનારાઓની ફરજ બની જાય છે કે આપણે ત્યાં છુપાયેલા ગદ્દારોને શોધી કાઢે.જ્યાં સુધી ગદ્દારો હશે ત્યાં સુધી હુમલાઓ થતા રહેશે અને તેનો કોઈ વિકલ્પ નથી.

દિવસે દિવસે કાશ્મીરની પરિસ્થિત વિકટ બનતી જાય છે.પ્રજા અને સરકાર વચ્ચે હવે વિશ્વાસ તુટી રહ્યો છે.કાશ્મીરમાં યુવકોની સાથે હવે યુવતીઓ પણ મેદાનમાં આવી ગઈ છે. ઠેર ઠેર તેઓ લશ્કરનો વિરોધ કરી રહી છે. પથ્થરમારામાં ભાગ લઈ રહી છે.પોલીસ કે લશ્કરની ગતિવિધિઓમાં મહિલાઓ અગ્રેસરનો ભાગ ભજવી રહી છે. આ શું સુચવે છે.પ્રજા હવે તંત્ર અને સરકારની વિરુધ્ધ બગાવત કરી રહી છે. એનડીએની સરકારની નીતિઓ અને વડાપ્રધાનની ૫૬ની છાતીએ કોઈ યોગ્ય પરિણામ લાવી શકી નથી.હવે વડાપ્રધાન ગળે લગાવવાની નવી થીયરી લાવ્યા છે. પરંતુ કાશ્મીરીઓ કેવી રીતે તેમના પર ભરોસો કરશે.

મહેશ પરીખ



## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ભારતીય અર્થતંત્ર સામે ઊભા થયેલા પડકારોને ઉજાગર કરતો આર્થિક સરવે સરકારે સંસદમાં રજુ કર્યો

કેન્દ્ર સરકારે પહેલીવાર વર્ષ ૨૦૧૭-૧૮માટે ભારતીય અર્થતંત્ર સામે ઊભા થયેલા નવા પડકારોને ઉજાગર કરતો મધ્યમવર્ષીય આર્થિક સરવે સંસદમાં રજુ કર્યો હતો.સરકારે સર્વેમાં જણાવ્યુ હતું કે રુપીયામાં આવેલી મજબુતાઈ, ખેડુતોની લોનમાફી અને જીએસટીના અમલના કારણે સર્જાયેલા પડકારોને લીધે ફેબ્રુઆરીમાં મુકાયેલા અંદાજ પ્રમાણે ૭.૫ ટકાનો આર્થિક વૃધ્ધિદર હાંસલ કરવો મુશ્કેલ છે.

સંસદમાં ચોમાસુ સત્રના છેલ્લા દિવસે નાણાંમત્રી અરુણ જેટલી દ્વારા લોકસભામાં રજુ કરાયેલા આર્થિ સરવેમાં જણાવાયું હતું કે ખેતીની આવકમાં ઘટાડો, ખેડુતોની લોનમાફી અને મંદીના શ્રેણીબધ્ધ આંચકા અર્થતંત્રને વિચલિત કરી રહ્યા છે.જીડીપી અંગેની ભવિષ્યવાણી મંદીના ગંભીર જોખમોનું પ્રતિબંધ પાડી રહી છે. ખેડુતોની લોનમાફી જીડીપીમાં ૦.૭ ટકાનો ઘટાડો કરી શકે છે. જેને કારણે અર્થતંત્રને મોટો આંચકો લાગી શકે છે. ડિફલેશનરી આવેગો ભારતીય અર્થતંત્ર પર ઝબુળી રહ્યા છે. સરવેમાં જણાવાયું છે કે નોનસિરિયલ ફુડની કિંમતો માં ઘટાડાને કારણે ખેતીની આવકમાં ઘટાડો નોંધાયો છે.ખેડુતોની લોનમાફી અંદાજપત્રીય દરખાસ્તોના અમલને આકરો બનાવસે.પાવર અને કોમ્યુનીકેશન સેકટરમાં નફાનો ઘટાડો ટ્વિન બેલેન્સશીટની સમસ્યાને વકરાવશે.

આર્થિક સરવે પ્રમાણે જથ્થાબંધ ફુગાવાના દરમાં છેલ્લા ૩ વર્ષમાં નોંધપાત્ર ઘટાડો નોધાયો છે. હાલ સીપીઆઈ રિઝર્વ બેન્ક માર્ચ ૨૦૧૮ સુધીના ૪ ટકાના દર કરતાં નીચે ૧.૫ ટકાની સપાટી પર છે તેથી સાઈક્લિકલ પરિસ્થિતિ જોતાં પોલીસી વ્યાજદર અત્યારે છે તેના કરતાં નીચો ન્યુટ્રલ રેટ પર હોવો જોઈએ જેને પગલે પોલીસી વ્યાજદરોમાં ઘટાડાની હજુ તક છે.

ભારતીય રિઝર્વ બેન્કે સરકારને અડધું વાર્ષિક ડિવિડંડ જ ચુકવી શકી છે. જેને કારણે જાહેર ફાઈનાન્સને ધક્કો પહોચ્યો છે.અને અંદાજપત્રીય ખાધ ઘડાડવાના પીએમ મોદીના લક્ષ્યાંકને અધ્ધર ધકેલી દેશે.રિઝર્વ બેન્કે કેન્દ્ર સરકારને વાર્ષિક ડિવિડંડ પેટે રુપીયા૩૦,૬૬૦ કરોડની ચુકવણી કરી છે. જે છેલ્લા પાંચ વર્ષની સૌથી ઓછી ચુકવણી છે.ગયા વર્ષે રુપીયા ૬૫,૮૭૬ કરોડ ડિવિન્ડડ સરકારને ચુકવાયું હતું. જુન મહિનામાં ખાતુ બંધ કર્યા પછી આરબીઆઈ સરકારને ડીવિડંડ ચુકવતી હોય છે.મોદીની નોટબંધી બાદ સરકારને અંદાજ હતો કે ૧૫.૩ લાખ કરોડમાંથી પાંચ લાખ કરોડ રુપીયા બજારમાંથી બહાર થઈ જશે. ૩૦ ડિસેમ્બર સુધીમાં ૯૭ ટકા રકમ બેન્કોમાં જમા થઈ ગઈ હતી.જેને કારણે આરબીઆઈ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી.

સરકારના આર્થિક સરવે પ્રમાણે નોટબંધી, ખેડુતોની લોનમાફી અને જીએસટીએ અર્થતંત્રને ગ્રહણ લગાડ્યુ હતું. તેમાંથી બહાર નીકળવાના માર્ગો શોધવા માટે સરકારે ભરપુર પ્રયત્નો કરવા પડશે.

# કાશ્મીરની સમસ્યા ગોળીઓથી નહીં ઉકેલાય : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

દેશના ૭૦માં સ્વાતંત્ર દિવસ નિમિત્તે લાલ કિલ્લા પરથી પોતના રાષ્ટ્રજોગ પ્રવચનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ હતું કે કાશ્મીરની સમસ્યા ગોળી કે ગાળોથી નહીં ઉકેલાય,તમામ કાશ્મીરીઓને ભેટવાથી તેમને અપનાવવાથી જ આ સમસ્યા ઉકેલાશે.તેમના ભાષણમાં ન્યુ ઈન્ડીયા માટે સંકલ્પ લેવાની વાત કરી હતી.ગોરખપુરની હોસ્પીટલમાં બાળકોના મોત અંગે દુ:ખ વ્યક્ત કર્યુ હતું.ત્રણ વર્ષમાં સૌથી ટુંકુ આ પ્રવચન ૫૫ મીનીટનું હતું. આ પ્રસંગે તેમણે વીરતા પુરસ્કાર મેળવનારા અને બલિદાન આપનાલા લોકો વિશે નવી પેઢીને માહીતી આપતી એક પોર્ટલ પણ લોન્ચ કરી હતી.



દેશના ૭૦માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રજોગ આપેલ સંદેશામાં વડાપ્રધાને કહ્યુ હતું કે સમગ્ર દેશ સ્વતંત્રતા દિવસ અને જન્માષ્ટમી એક સાથે ઉજવણી કરી રહ્યો છે.સુદર્શન ચક્રધારી મોહનતી લઈને ચરખાધારી મોહન સુધીનો આપણો ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો છે. તેમણે કહ્યુ કે ભારત કોઈપણ પ્રકારના સુરક્ષા સબંધિત પડકારને પહોચી વળવા સક્ષમ છે.તે સમુદ્ર માર્ગે હોય કે સરહદ પરનો હોય, ચીન સાથે દોકલામ મામલે ચાલુ ઘર્ષણ વચ્ચે આ નિવેદન મહત્વનું છે.તેમણે કાશ્મીર અંગે કહ્યુ કે કાશ્મીરનો વિકાસ,પ્રગતિ, સપના પુરા કરવાનો પ્રયાસ એ સરકાર સાથે જ દરેક વ્યક્તિનું કામ છે.

# મુસ્લીમ મહિલાઓ માટે હલાલા પ્રથા શું છે ?

હલાલા એક એવી પ્રથા છે જેમાં તલાક સુદા મહિલાએ પહેલા અન્ય કોઈ વ્યક્તિ સાથે નિકાહ કરવા પડે અને તેની સાથે એક જ બિછાના પર સુવુ પડે.સેકસ માણવું પડે અને ઈદ્દ્ત(માસિક)ધર્મ આવે ત્યારે તે ખાતરી થાય કે તે બીજા પતિના બાળકની માતા નથી બની માસિક ના આવે તો તેના તલાક ના થાય અને માસિક આવે તો મહિલા પોતાના પહેલા પતિ પાસે પાછી ફરી શકે. ફિલ્મ અભિનેત્રી મીનાકુમારી આ પ્રથાનો ભોગ બની પરિણામે તેની જીંદગીમાં તેણે માનસિક તાણ અનુભવી હતી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## ચાઇનીઝ સ્માર્ટ ફોનથી અંગત માહિતીની ચોરીની શંકાએ કેન્દ્ર સરકારે ચીની કંપનીઓને નોટીસ ફટકારી

સ્માર્ટફોન બનાવતી ચીનની કંપનીઓને કેન્દ્ર સરકારે નોટીસ ફટકારી છે. સરકારને શંકા છે કે આ કંપનીઓએ તેમના સ્માર્ટ ફોન મારફતે ભારતના ગ્રાહકોની અંગત માહિતીની ચોરી કરી છે.સરકારે ઓપો,વિવો,શાઓમી, જિયોની જેવી ચાઈનીઝ કંપનીઓને નોટીસ ફટકારી છે.

સરકારના આ પગલાંને ચીન સાથેના સરહદે દોકલામાં વધેલા ઘર્ષણ સાથે જોડવામાં આવે છે. સ્માર્ટ ફોન બનાવતી મોટાભાગની કંપનીઓ ચીનની છે. અને સરકારને ડર છે કે આ કંપનીઓ ગ્રાહકોની માહિતી હેક કરી શકે છે.ભારતમાં કરોડો લોકો સ્માર્ટફોનનો ઉપયોગ કરી રહ્યા છે.અને સતત તેમાં વધારો થઈ રહ્યો છે.સ્માર્ટ ફોનના કોન્ટેક્ટ લિસ્ટ અને મેસેજમાં રહેલી વ્યક્તિગત માહિતીની આ કંપનીઓ ચોરી કરી રહી હોવાની સરકારને શંકા છે.જો કે માત્ર ચીનની જ કંપનીઓને નોટિસ અપાઈ છે તેવું નથી. એપલ,સેમસંગ,જેવી અન્ય કંપનીઓને તથા ભારતની જ માઈક્રોમેસ સહિત કુલ ૨૧ કંપનીઓને નટિસ આપવામાં આવી છે.

સત્તાવાર સુત્રોએ કહયુ હતું કે સુરક્ષા માપદંડનું પાલન કરવા માટે કંપનીઓને ૨૮ ઓગષ્ટ સુધીમાં જવાબ આપવાનું કહેવામાં આવ્યું છે.કંપનીઓએ પ્રાઈવસી સહિતના માપંદડોનું ખરેખર પાલન કરી રહી છે કે કેમ તે ચકાસવા માટે ઓડિટીંગ થાય તેવી શક્યતાઓ છે.જો કોઈ કંપની નિયમનો ભંગ કરકતી હોવાનું માલુમ પડશે તો કાર્યવાહી થશે અને દંડ પણ થશે.કોઈ કંપની સુરક્ષાના ધોરણોની જરુરીયાતમાં નિષ્ફળ જશે તો કાર્યવાહી કરવામાં આવશે.

## આખરે સેન્સરબોર્ડના અધ્યક્ષ પદેથી પહલાજ નિહલાનીની સરકારે રુકસદ કરી

સેન્સર બોર્ડના ઘણા બધી વિવાદિત બાબતોને લઈને સરકારને નીચાજોણુ થયું હતું પરંતુ પહલાજ નિહલાનીને સરકારે નિભાવે રાખ્યા હતા.આખરે સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફિકેશન ઈન ઈન્ડીયાના ચેરમેન તરીકે પ્રસુન જોશીની પસંદગી કરવામાં આવી હતી.તેઓ જાણીતા એડમેન અને ગીતકાર તરીકે નામના મેળવી ચુકયા છે.ત્રણવાર ફિલ્મફેર, બે વાર નેશનલ એવોર્ડ અને ૨૦૧૫માં પધ્યશ્રીનો એવોર્ડ તેમને મળ્યો છે.૪૩ વર્ષીય પ્રસુન જોશી તારે જમી પર અને ભાગ મિલ્ખા ભાગ ફિલ્મના લોકપ્રિય ગીતો લખ્યાં છે. અને એડ વર્લ્ડમાં તેમનું મોટું નામ છે.ફિલ્મ સેન્સર બોર્ડની સ્પર્ધામાં મધુર ભંડારકાર,પ્રકાશ ઝા અને ચન્દ્રપ્રકાશ દ્વિવેદીના નામો પણ હતા.સેન્સર બોર્ડના સભ્ય તરીકે વિદ્યા બાલનના નામની ચર્ચા છે.

પહલાજ નિહલાનીએ ૨૦૧૫થી સતત વિવાદમાં રહ્યા હતા.છેલ્લે મુંબઈમાં એક મહિલા પત્રકાર બાબતે વિવાદમાં સપડાયા હતા.તેમી મુદત જાન્યુ.૨૦૧૮માં પુરી થતી હતી પરંતુ તે પહેલાં જ તેમને રવાના કરી દેવાયા હતા.તેમણે તાજેતરમાં અંડર માય બુરખા ફિલ્મને પ્રમાણપત્ર આપવાની ના પાડીને અને અર્મત્યસેન વિશેનીી ડોક્યુ મેન્ટરીમાં ગાય,હિન્દુ,ઈન્ડીયા અને ગુજરાત જેવા શબ્દો કાઢી નાંખવાનું જણાવી વિરોધનો વંટોળ સર્જયો હતો.ખેર સરકારે વિવાદો સર્જનારાઓને વહેલી તકે રુકસદ આપવાની પ્રણાલી ઉભી કરવી જરુરી છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


## મુસ્લીમોમાં અસુરક્ષાની ભાવના હોવાના માજી ઉપરાષ્ટ્રપતિ અંસારીના નિવેદન સામે સંઘના નેતા ઇન્દ્રેશકુમારે આક્રોશ વ્યક્ત કર્યો



દેશના સેવાનિવૃત થયેલા ઉપરાષ્ટપતિ હામિદ અન્સારીએ તેમના છેલ્લા ઈન્ટરવ્યુમાં એવો નિર્દશ કર્યો હતો કે દેશમાં વસતા મુસ્લીમો અસુરક્ષાની ભાવનાનો અહેસાસ કરી રહ્યા છે.તેમના આ નિવેદનથી વિવાદ સર્જાયો હતો.ભાજપ અને સંઘના નેતા ઈન્દ્રેશકુમારે કહ્યુ હતું કે જો તેમને ભારતમાં અસુરક્ષા જણાતી હોય તો જ્યાં સુરક્ષા જણાય તેવા દેશમાં જઈને અન્સારીએ રહેવું જોઈએ.આ અગાઉ ભાજપના નેતા અને નવા વરાયેલા ઉપરાષ્ટ્રપતિ વૈકૈયા નાયડુએ પણ અન્સારીના દાવાને રાજકીય પ્રચાર ગણીને ફગાવ્યો હતો.

ઈન્દ્રેશકુમારે કહ્યુ કે મારી તેમને અને જે મુસ્લીમો અસુરક્ષાની ભાવના અનુભવતા હોય તેવા મુસ્લીમોને વિનંતી છે કે જે દેશમાં મુસ્લીમો હોય તે દેશના તેઓ નામ આપે અને તેમને ત્યાં સુરક્ષા જણાતી હોય તો તે દેશમાં જઈને તેઓ રહે.નાગપુર ખાતેથી ઈન્દ્રેશકુમારે જણાવ્યુ હતું કે અન્સારીના નિવેદનની મુસ્લીમ સમુદાયે જ નોંધ લીધી નથી.તેઓ એટલા દુર્ભાગી છે કે તેમને ટેકો આપવા માટે કોઈ આગળ આવ્યું નથી.અન્સારી ૧૦ વર્ષ હોદા પર રહ્યા ત્યાં સુધી તેઓ બિનસાંપ્રદાયિક રહ્યા પણ હોદો છોડ્યા પછી હાર્ડ લાઈનર બની ગયા છે.

## ચીનને યુધ્ધની ભાષા જ સમજમાં આવે છે ભારતે તેજ રીતે વાત કરવી જોઇએઃ બાબા રામદેવ

ભારતે ચીન સાથે મૈત્રીપુર્ણ વાતો કરવાનો કોઈ અર્થ નથી.ચીન માત્ર યુધ્ધની જ ભાષા સમજે છે અને જે જેવી ભાષામાં વાત કરે તેને તેનીજ ભાષામાં સમજાવવો જોઈએ. આપણે જેવા સાથે તેવાની નીતિ અપનાવવી જોઈએ.ચીનને શાંતિમાં રસ નથી.જો તેમ ન હોત તો આજે દલાઈ લામા ભારતમાં નહોત.

જો કે પાડોશી દેશ સાથે કુસ્તી કરતાં સામે વાળાને પછાડી દેવો તે બાબતના જાણકાર હોવાનો પોતાનો મત બાબા રામદેવે વ્યક્ત કર્યો હતો.યુધ્ધ અને મલ્લ યુધ્ધમાં ફર્ક છે જે બાબાની સમજ બહાર છે. પરંતુ તેઓ પણ વિવાદિત નિવેદનો કરવામાં ભાજપના નેતાઓની સાથે જોડાઈ ગયા છે.બૌધ્ધ ધર્મના ધર્મગુરુ દલાઈ લામા સાથે બાબા એક કાર્યક્રમમાં ભેગા થઈ ગયા હતા. આ દરમિયાન તેમણે વિવિધ બાબતો અને મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમણે હળવી પળો પણ માણી હતી જેમાં બાબા રામદેવ સાથે મજાક કરતાં ધર્મગુરુએ તેમની દાઢી ખેચી હતી ત્યારે બાબા રામદેવ તેમના ખોળામાં માથુ મુકી દીધું હતુ.



ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે.

ભારતીય વાયુસેનાની સ્થાપના બ્રિટીશરો દ્વારા ૮ ઓકટો.૧૯૩૨ના રોજ કરવામાં આવી હતી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


## જાણવા જેવું !

મિસ યુનીવર્સની સ્પર્ધા પહેલી વાર ૧૯૫૨માં કેલીફોર્નીયામાં યોજાઈ હતી.

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઈટ હાઉસ કરવામાં આવ્યું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

એલીફન્ટ સીલ દસ મિનિટ જેટલા સમય સુધી પોતાનો શ્વાસ રોકી શકે છે.કોઈ પણ દરિયાઈ જીવ આટલો લાંબો સમય સુધી શ્વાસ રોકી શકતું નથી.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# આદિવાસી પુસ્તકનું લખાણમાં આદિવાસી સંસ્કૃતિને ખોટી રીતે રજુ કરવામાં આવી હોવાથી પુસ્તક પર પ્રતિબંધ લદાયો

ઝારખંડની સરકારે લેખક હાંસદા સાવેન્દ્ર શેખર દ્વારા લખાયેલુ પુસ્તક 'ધ આદીવાસી વીલ નોટ ડાન્સ' અશ્લિલ હોવાનું જણાવી તેના પર પ્રતિબંધ લાદી દીધો છે.પ્રતિબંધ લાદવા ઉપરાંત શેખર સામે કાયદાકીય કાર્યવાહી કરવા પણ જણાવ્યુ છે.શેખર રાંચીની નજીક પાકુર ગામે રહે છે અને વ્યવસાયે તેઓ ડોકટર છે.અગાઉ એક પુસ્તક માટે તેમને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.વિવાદાસ્પદ પુસ્તક જે સાંથલ આદિવાસી સમુદાય વિષે છે તે સમુદાયના જ તેઓ લેખક છે. પુસ્તકના કથાવસ્તુ વિષે વિવાદ છેડાયો છે તે પુસ્તકમાં એક એવી મહિલાની વેદનાને વાચા આપવામાં આવી છેકે જેને રુપીયા ૫૦ કે ભજીયાના બદલામાં પોતાનું શરીર વેચવાની ફરજ પડતી રહે છે.સરકારે કહ્યુ છે કે આદીવાસી સંસ્કૃતિ અને સાંથાલ મહિલાઓને પુસ્તકમાં ખોટી રીતે પેશ કરવામાં આવી છે.પુસ્તક અશ્રિલ છે.ઝારખંડ મુક્તિ મોરચાએ પણ પુસ્તક પર પ્રતિબંધ મુકવાની માંગણી કરી હતી.શેખરને સોશ્યલ મીડીયા પર ટ્રોલ થાય છે અને ધમકી પણ આપવામાં આવી રહી છે.તેમણે મેળવેલા તમામ પુરસ્કારો પરત કરી દેવા પણ કહેવામાં આવી રહ્યું છે.

લેખકે કથાવસ્તુમાં પ્રાણ પુરવા માટે સત્યને રજુ કરવા માટે પોતાની અભિવ્યક્તિ સ્વતંત્રતાનો ઉપયોગ કર્યો છે પરંતુ તે ત્યાંના સ્થાપિત હિતોને યોગ્ય લાગ્યું નથી. અને તેથી તે પુસ્તક પર પ્રતિબંધ લદાયો છે.

# મુસ્લીમ મહિલાઓનો જ્વલંત વિજય : શાઇસ્તા અંબર

ઓલ ઈન્ડીયા મુસ્લીમ વિમેન પર્સનલ લો બોર્ડે અને ઓલ ઈન્ડીયા શિયા પર્સનલ લો બોર્ડે ટ્રિપલ તલાકની પ્રથા અંગેનો સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકાર્યો છે.મુસ્લીમ મહિલાઓના અધિકાર માટે લડતાં ઓલ ઈન્ડીયા મુસ્લીમ મહિલા પર્સનલ લો બોર્ડના પ્રમુખ શાઈસ્તા અંબરે જણાવ્યુ હતું કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો ઐતિહાસિક છે.દેશની મુસ્લીમ મહિલાઓનો વિજય થયો છે.તેના કરતાં પણ વધુ ઈસ્લામનો વિજય થયો છે.અમને આશા છે ક ટ્રિપલ તલાકની પ્રથા પર હવે કાયમી પ્રતિબંધ લાગી જશે.ઈસ્લામમાં ટ્રિપલ તલાકની કોઈ જોગવાઈ ના હોવા છતાં આ પ્રથાથી મુસ્લીમ મહિલાઓ અત્યંત હાડમારીનો સામનો કરી રહી હતી.આ પક્ષપાતી વ્યવસ્થા કહેવાતાં ધાર્મિક આગેવાનો દ્વારા કરાઈ હતી.તેના કારણે લાખો મુસ્લીમ મહિલાઓના જીવન બરબાદ થઈ ગયા હતા.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# મુસ્લીમ પર્સનલ લો બોર્ડમાં ટ્રિપલ તલાકના ચુકાદા અંગે મતભેદ

ટ્રિપલ તલાક પર સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ પ્રતિબંધ અંગેના ચુકાદાને પગલે ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડમાં ભાગલા પડી ગયા છે.બોર્ડનું એક જુથ સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકારીને સ્વીકારી લેવાની દલીલ કરી રહ્યું છે.તો બીજુ જુથ સુપ્રીમના ચુકાદા સામે નારાજ છે.આ જુથ દેશભરમાં આંદોલન શરુ કરી સરકાર પર દબાણ સર્જવા વિચારી રહ્યું છે.

સુત્રોના જણાવ્યા અનુસાર બોર્ડનું શીયા જુથ સુપ્રીમના ચુકાદાની તરફેણ કરી રહ્યું છે. તો સુન્ની જુથ ચુકાદાની વિરુધ્ધમાં છે.બોર્ડના જનરલ સેક્રટરી મૌલાના વલી રહમાનીએ સુપ્રીમના ચુકાદા પર ટિપ્પણીનો ઈનકાર કરતાં જણાવ્યુ હતું કે બોર્ડની બેઠકમાં આગામી પગલાં અંગે વિચારણા કરાશે.

દરમિયાન ઓલ ઈન્ડીયા પર્સનલ લો બોર્ડના અધિકારી ઝફરયાબ જિલાનીએ જણાવ્યુ હતુંકે ૧૦મી સપ્ટે.ના રોજ ભોપાલમાં યોજાનારી બોર્ડની કારોબારીની બેઠકમાં ટ્રિપલ તલાક પર સુપ્રીમ કોર્ટના ચુકાદાનો વ્યાપક અભ્યાસ કર્યા બાદ તેની સામેના પગલાં અંગે વિચારણા થશે.ભોપાલની બેઠકમાં બાબરી મસ્જીદ કેસની સુનાવણી પરનો એજન્ડા પણ નક્કી કરાશે.

# ટ્રિપલ તલાક પર જેની અરજીને કારણે જંગ લડાયો તે હવે બહુપત્નીત્વ પ્રથા સામે જંગ લડશે

સુપ્રીમ કોર્ટમાં ટ્રિપલ તલાક અંગેની કાયદાકીય લડત આપનાર સાયરાબાનોની અરજીને કારણે દેશની મુસ્લીમ મહિલાઓના હક્કમાં સુપ્રીમ કોર્ટે ટ્રિપલ તલાકને ગેરબંધારણીય ઠેરવતો ચુકાદો આપ્યો.સાયરાબાનો એમબીએની ડીગ્રી ધરાવતી મુસ્લીમ મહિલા છે.સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સાયરાબાનોએ કહ્યુ હતું કે મારા અને તમામ મુસ્લીમ મહિલાઓ માટે આ ઐતિહાસિક દિવસ છે.સુપ્રીમ કોર્ટેનો ચુકાદો સુધારાના માર્ગનો માઈલ સ્ટોન બની રહેશે.હવે મુસ્લીમ મહિલાઓ ગર્વથી માથું ઉંચુ કરીને જીવી શકશે. તેમણે કહ્યુ હતું કે ૨૦૧૫માં મારા પતિએ સ્પીડપોસ્ટથી મને તલાકનામું મોકલી મને તલાક આપી દીધા હતા.મારા માથે બે બાળકોના ઉછેરની જવાબદારી આવી પડી હતી.હું ઘણી હતાશ હતી. પરંતુ પરિવારના સમર્થનથી મે આ લડાઈ લડી છે.મારા વકીલની મદદથી મે ટ્રિપલ તલાકની બંધારણીયતાને જ પડકાર આપ્યો હતો. મને વિશ્વાસ હતો કે સુપ્રીમ કોર્ટમાંથી મને ન્યાય મળશે.

સાયરાબાનોએ કહયુ હતું કે આજનો ચુકાદો મારા માટે મહાન ક્ષણ છે.હવે કોઈ એક વ્યક્તિની ઉચ્છાના કારણે મુસ્લીમ મહિલાને ઘરમાંથી હાંકી કાઢવામાં નહીં આવે.મુસ્લીમ સમાજની મહિલાની સ્થિતિને સમજો. ચુકાદાને સ્વીકારી તાકિદે કાયદો ઘડી કાઢો. હજુ સુધારાના માર્ગ પર ઘણું આગળ જવાનું છે.અમારે બહુપત્નીત્વ અને નિકાહ હલાલા સામે પણ જાગૃતિ ફેલાવવાની છે.હું હવે બહુપત્નીત્વની પ્રથાને અદાલતમાં પડકારવાની છું.

સાયરાએ કહ્યુ હતું કે ૨૦૦૨માં નિકાહ થયા બાદ મને દહેજ માટે સતત હેરાન કરાતી હતી.મારા સાસરીયાઓએ મારો ૬ વાર ગર્ભપાત કરાવ્યો હતો.તેમનો ઈરાદો મારી હત્યા કરવાનો હતો.હવે હું મારા બે બાળકોની કસ્ટડી માટે લડત આપવાની છું.

# ઓબીસી ક્વોટા : ક્રિમી લેયર મર્યાદા રુ.આઠ લાખ કરાઇ : અન્ય પછાત વર્ગના ક્વોટામાં પેટા -અનામતની તૈયારી

દેશમાં ચારેબાજુ અનામતની માંગણીઓ જોરશોરથી ઉઠવા માંડી છે.પટેલો,જાટ,ગુર્જરો અને મરાઠાઓની અનામતની માંગણીઓ માટે કેન્દ્ર સરકાર જાગી છે.જો કે સરકારે જણાવ્યુ હતું કે દેશમાં અનામતની પ્રથામાં કોઈ ફેરફાર નહીં થાય.જો કે બે દાયકા પહેલાં મંડલ કમિશનની ભલામણ મુજબ ઓબીસીને ૨૭ ટકા અનામત આપ્યા બાદ મંડલ પાર્ટ-૨ની તૈયારી થઈ રહી છે.કેટલીક કોમોએ અનામત માટે કરેલા આંદોલનોની અસર વર્તાઈ રહી છે.પટેલો,ગુર્જરો,જાચ અને મરાઠાઓના આંદોલન ચરમસીમા પર પહોચ્યા છે અને તેની ઉપર સરકાર જો ધ્યાન ના રાખે તો તેની અસરો મતપેટીઓ પર જરુરથી થઈ શકે તેમ છે.

કેન્દ્રીય કેબિનેટે અન્ય પછાત વર્ગ ઓબીસી માટે સરકારી નોકરી મેળવવા માટે ક્રીમી લેયરની આવક મર્પાદા વાર્ષિક છ લાખથી વધારીને ૮ લાખ કરી દીધી છે.આ ઉપરાંત ઓબીસીના ક્વોટા અંતગર્ત વધુ એક ક્વોટા(સબ ક્વોટા) થઈ શકે કે કેમ તે નક્કી કરવા માટે પંચ રચવાની પણ કેબનિટે મંજુરી આપી દીધી છે.નાણાંમંત્રી અરુણ જેટલીએ કેબિનેટની બેઠક બાદ આ જાહેરાત કરી હતી.તેમણે કહ્યુ હતું કે પછાત વર્ગ માટેના રાષ્ટ્રીય પંચે ૨૦૧૧માં તેની ભલામણ કરી હતી.સરકારી નોકરીઓમાં ઓબીસી સમુદાયને લાભ મળે તે હેતુથી આ સબ કેટેગરીનો વિચાર રજુ કરવામાં આવ્યો છે.

આજે પણ ૬ દેશો એવા છે કે જેઓ ઈન્ટરનેટનું જોડાણ ધરાવતા નથી.

શાર્કનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં વધુ હોય છે.

એલીફન્ટ સીલ નામના દરિયાઈ પ્રાણીનું વજન ૫૦૦૦ કીલોગ્રામ હોય છે.

એલીફન્ટ સીલ રેતીના ઢગમાં મનુષ્યો કરતાં પણ વધુ ઝડપથી ચાલી શકે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રી: રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.